# ભગવાન મહાવીરનો ત્રિવિધ સન્દેશ
## અહિંસા, અપરિગ્રહ અને અનેકાન્ત

[ ૭ ]

**સાધ્વી** શ્રી ઉજ્જવલકુમારીજીએ ત્રણ મુદ્દાઓ ઉપર જે સરલ અને સ્પષ્ટ વિવેચન કર્યું છે તેને હરકોઈ સરળતાથી સમજી શકે તેમ છે. તે બદ્દલ હું મારા તરફથી અને સંઘ તરફથી તેમનો આભાર માનું છું. ગયે વર્ષે સાધ્વીજી ગાંધીજીને રોજ બિરલા હાઉસમાં મળતાં, તેમની સાથે અહિંસા અને તેને લગતા મુદ્દાઓ વિશે ચર્ચા કરતાં. મારો પણ સાધ્વીજી સાથે પરિચય તે વખતે તાજો જ હતો. હું તેમની અને ગાંધીજી વચ્ચે થયેલી ચર્ચાઓ વિશે તેમની જ પાસેથી કાંઈક જાણી લેતો. તેના સંસ્કારો મારા મન ઉપર પડેલા જ છે. તેને ધ્યાનમાં રાખી અત્યારે તેમના પ્રવચન-શ્રવણ ઉપરથી જે વિચારો સ્ફુર્યા છે તેને જ ટૂંકમાં દર્શાવવા ધારું છું.

જે અનેકાંત અહિંસા અને અપરિગ્રહની પૃષ્ઠભૂમિકા છે તે અનેકાંત કેવળ શાસ્ત્રીય વાદોના સમન્વયમાં જ સમાતો નથી. તે તો જીવનના પ્રત્યેક ક્ષેત્રને સ્પર્શે છે. વ્યવહારુ જીવનની દરેક બાજુને અવિવેકી આત્યંતિકતા તરફ ઢળતાં રોકવી એ જ સાચી અનેકાન્તદૃષ્ટિ છે. એવી દૃષ્ટિ ન હોય તો અહિંસા અને અપરિગ્રહના સિદ્ધાંતો વ્યક્તિગત અને સામાજિક જીવનમાં વિકૃત થયા વિના રહે જ નહિ. સામાજિક જીવનને સંવાદી અને સૂરીલું બનાવવા માટે આ ત્રણે સિદ્ધાંતો અગત્યના હોઈ સમગ્ર જીવનમાં તે ધ્રુવ સ્થાને છે. આમ છતાં અને તે ઉપર વારંવાર થતાં વિવેચનો સાંભળવા છતાં આપણે જ્યાંના ત્યાં છીએ, તેનું શું કારણ? એ પ્રશ્ન મારી પેઠે સૌને થતો હશે.

એના ઉત્તરનો ઊંડો વિચાર કરતાં એમ લાગે છે કે આપણે સિદ્ધાંત અને તેના બાહ્ય ખોખા વચ્ચેનું અંતર જાણી શકયા નથી. એટલે એક કાળે તેવા સિદ્ધાંતોને જીવનમાં સિદ્ધ કરવા અમલમાં મૂકાયેલા અને અત્યારે નિરર્થક બની ગયેલા આચારોના ચીલાને જ અનુસરી આપણે તેવા સિદ્ધાંતો પ્રમાણે જીવન જીવ્યાનો ખોટો સંતોષ માની લઈએ છીએ અને પ્રસંગ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવે ત્યારે તે સિદ્ધાંતોનું ગૌરવ ગાઈ પાછા એ જ નિરર્થક સિદ્ધ થયેલ બાહ્ય આચારના ખોખાનો બચાવ કરીએ છીએ.

ભગવાન મહાવીરે અહિંસા અને અપરિગ્રહના જીવનગત બીજોને વિકસાવવા તેમ જ સિદ્ધ કરવા ઘરબાર છોડયાં, જંગલનો રાહ લીધો અને બીજાના શ્રમ ઉપર જીવવાનું બાજુએ મૂકી માત્ર સ્વાવલંબી અને સહિષ્ણુ ત્યાગીજીવન સ્વીકાર્યું. તેમણે એ જીવન દ્વારા તે કાળે અનેકાંતદૃષ્ટિ અને અહિંસા–અપરિગ્રહ સિદ્ધ કરી તેનો વારસો બીજાને આપ્યો. પણ અનુયાયીઓ બદલાતી પરિસ્થિતિમાં પણ ભગવાનના તે વખતના બાહ્ય જીવનના ખોખાને જ વળગી રહ્યા અને ઊંડાણથી એ જોવું ભૂલી ગયા કે વસ્તુતઃ મૂળ સિદ્ધાંતો પ્રમાણે જીવન જિવાય છે કે નહિ. પરિણામ એ આવ્યું કે ભગવાનના સીધા વારસદાર ગણાતા ત્યાગીઓ જ એ ધ્રુવ સિદ્ધાંતથી સાવ વેગળા જઈ પડ્યા, અને હજારો વર્ષ પહેલાના ત્યાગીના આચાર–ખોખાને મજબૂતપણે વળગી રહ્યા. ગૃહસ્થો, કે જે મુખ્યપણે ત્યાગીઓના જીવનને આદર્શ માની ચાલે છે અને તેમનું અનુકરણ કરે છે તેઓ, પણ એવા જ શુષ્ક આચારના ખોખાને મજબૂતપણે વળગી રહ્યા અને અનેકાંત તેમ જ અહિંસા–અપરિગ્રહની જાગતી દૃષ્ટિ જ લગભગ ગુમાવી બેઠા.

બીજાના શ્રમ ઉપર ન જીવવાની દૃષ્ટિએ ક્યારેક યોજાયેલો અનગાર–માર્ગ આજે એટલો બધો વિકૃત થઈ ગયો છે કે તેનું પાલન એકમાત્ર બીજાના શ્રમને જ આભારી થઈ ગયું છે. ઉઘાડે પગે ચાલવું, હાથે વાળ ખેંચી લઈ લોચ કરવો વગેરે કઠણ આચારો અને મિલમાં તૈયાર થયેલ ઝીણાં તેમ જ રેશમી—ભોગી જનને શોભે તેવાં—કપડાં એ બેનો ત્યાગીજીવનમાં મેળ શો, એ વિચારવું ઘટે છે. અહિંસા અને અપરિગ્રહ માટે જ નગ્નત્વ કે અર્ધનગ્નત્વ સ્વીકારનાર ત્યાગીવર્ગ જમાનો બદલાતાં વસ્ત્ર ધારણ કરે અને શહેરમાં પણ રહે તો તે એ જ સિદ્ધાંતને અનુસરી પોતાનાં કપડાં પોતે તૈયાર કેમ ન કરે? આ પ્રશ્ન અઘરો અને ધર્મઘાતક લાગતો હોય તો તેનું કારણ એ છે કે આપણામાં એ ધ્રુવ સિદ્ધાંતો વિશેની સાચી અને ઊંડી સમજણ જ નથી. નિર્દોષ ગણાય એવા નિરક્ષરતાનિવારણ અને સામાજિક જ્ઞાનદાનનું કાર્ય કોઈ ત્યાગી જવાબદારીપૂર્વક કરે તો તેને સમાજ ત્યાગચ્યુત થયેલ માને છે. આનું કારણ એ છે કે આપણે નિવૃત્તિને જ પૂર્ણ ધર્મ માની લીધો અને એ ભૂલી ગયા કે દોષનિવૃત્તિ એ તો ધર્મમાત્રની એક બાજુ જ છે, અને તે પણ સામાજિક કલ્યાણની પ્રવૃત્તિ કરવાની માત્ર પ્રાથમિક શરત છે. પરિણામે સત્પ્રવૃત્તિનો આગ્રહ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જતાં જ નિવૃત્તિ પણ બનાવટી બની ગઈ. ગૃહસ્થો કાળાં બજાર અને શોષણ કરે તે તેમનો દોષ છે જ, પણ એ જાણવા છતાં એની આવકમાંથી ત્યાગીજીવન પોષવું, એ શું કાળાં બજાર અને શોષણથી ઊતરતું છે? ત્યાગીઓ ગૃહસ્થોના ધંધાને દૂષિત કહે છે જ્યારે ગૃહસ્થો ઊંડે ઊંડે સમજતા હોય છે કે ધંધો દૂષિત છે, પણ એની શુદ્ધિ ત્યાગીઓના પોષણ દ્વારા થઈ જાય છે. એટલે સામાજિક અશુદ્ધિનું ચક્ર ચાલુ જ રહે છે.

પરિસ્થિતિ બદલાતાં સિદ્ધાંતની વ્યાખ્યા બદલવી જરૂરી બને છે. એનો એક દાખલો વિચારીએ. સ્વદારસંતોષ એ ગૃહસ્થોનું બ્રહ્મચર્ય વ્રત છે. હવે આજે આવા વ્રતને ધારણ કરનાર કોઈ ગૃહસ્થ પરસ્ત્રી તરફ કદી પણ નજર ન કરતાં માત્ર સ્વસ્ત્રીમાં સંતુષ્ટ રહે અને તે પોતે પોષણ અને સંસ્કાર-દાનનો પ્રબંધ કરી ન શકે એટલી સંતતિ પેદા કર્યાં કરે તો દેખીતી રીતે તે સ્વદાર-સંતોષનું વ્રત પાળવા છતાં તાત્ત્વિક રીતે તેનો ભંગ જ કરે છે, એમ આજની પરિસ્થિતિમાં કહેવું જોઈએ; કારણ કે, સ્વસ્ત્રીમાં સંતુષ્ટ રહેવું એ તો સ્વદાર-સંતોષનો અર્થ છે જ, પણ તેથી આગળ વધી એમાં એ પણ ગર્ભિત અર્થ સમાયેલો છે કે પોતાનું, સંતતિનું અને સમાજનું જીવન ન વણસે એટલી જ હદે દામ્પત્યજીવનમાં જાતીયસંબંધને અવકાશ આપવો.

સાધ્વીજીએ કહ્યું કે કુમારિલ ભટ્ટે બુદ્ધ અને મહાવીર જેવા ક્ષત્રિયોના મુખેથી ઉપદેશાયેલી અહિંસાને ચર્મપાત્રમાં ભરેલ દૂધ જેવી કહી છે. તેમનું આ કથન સાચું છે, પણ આ ઉપરથી શ્રોતાઓ રખે એમ માની લે કે બ્રાહ્મણ કુમારિલે મહાવીર જેવા અહિંસક ક્ષત્રિયોની નિંદા કરી છે અને તેથી બ્રાહ્મણો માત્ર નિંદક જ છે. વાત એમ છે કે કુમારિલ તો સાતમા સૈકામાં થયા, જ્યારે તેથી કેટલીયે શતાબ્દીઓ પહેલાં જૈનોએ બ્રાહ્મણકુળને હીન અને તુચ્છ કુળ કહેલું છે. કુમારિલે જૈનોએ બ્રાહ્મણકુળ ઉપર કરેલ આક્ષેપનો ઉત્તર જ આપ્યો છે અને આગળ જતાં બારમા સૈકામાં આ. હેમચંદ્રે કુમારિલને તેથીયે વધારે સખત જવાબ આપ્યો છે. તેથી આપણે અહિંસક દૃષ્ટિએ તો એ વિચારવું ઘટે કે ગમે તે પક્ષ તરફથી આક્ષેપ શરૂ થાય પણ એમાં તટસ્થ જ રહેવું જોઈએ અને બીજા કરતાં પોતાના જ દોષોને જોવાની વૃત્તિ કેળવવી જોઈએ.[1]

—પ્રબુદ્ધ જૈન, ૧૫–૧૦–૪૫

૧. પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન તા. ૯–૯–૪૫ના રોજ મહાસતી શ્રી. ઉજ્જ્વલકુમારીજીએ આપેલ વ્યાખ્યાન પછી અધ્યક્ષપદેથી પૂ. પંડિતજીએ આપેલ વ્યાખ્યાન.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org